# સુધારા જાહેરાત તથા અગત્યની સુચના (જાહેરાત ક્રમાંક:૧૪૩/૨૦૧૭૧૮)

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા વિવિધ ખાતાના વડાની કચેરીઓ હસ્તકના "કચેરી અધિક્ષક / કાર્યાલય અધિક્ષક / અધિક્ષક" વર્ગ-૩ સંવર્ગની જગાઓ સીધી ભરતીથી ભરવા મૂળ જાહેરાત ક્રમાંક: ૧૪૩/૨૦૧૭૧૮, તા. ૧૭/૧૦/૨૦૧૭ ના રોજ પ્રસિધ્ધ કરવામાં આવેલ હતી, જેમાં સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૨૩/૦૧/૨૦૧૯ના ઠરાવ તથા સામાન્ય વહીવટ વિભાગના તા.૦૬-૦૨-૨૦૧૯ અને તા.૦૭-૦૨-૨૦૧૯ નો પરિપત્ર તથા સામાન્ય વહીવટ વિભાગના તા.૦૭-૦૨-૨૦૧૯ ના ઠરાવની સૂચનાઓ ધ્યાને લઇને આર્થિક રીતે નબળા વર્ગોના ઉમેદવારો પોતાની ઉમેદવારી નોંધાવી શકે તે માટે તેમજ અગાઉ ઓન લાઇન અરજી કરેલ નથી તેવા તમામ કેટેગરીના ઉમેદવારો પણ ઉમેદવારી નોંધાવી શકે તે માટે ઓનલાઇન અરજીપત્રકોના રજીસ્ટ્રેશન માટે ઉકત જાહેરાત રીઓપન કરવામાં આવે છે તથા કેટેગરીવાઈઝ જગાઓની સંખ્યામાં સુધારો કરવામાં આવે છે.

**(વેબસાઇટ એડ્રેસ** : https://ojas.gujarat.gov.in **અને** https://gsssb.gujarat.gov.in **)**

---

૧. ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર દ્વારા ગુજરાત સરકારના વિવિધ ખાતાના વડાની કચેરીઓ હસ્તકના "કચેરી અધિક્ષક / કાર્યાલય અધિક્ષક / અધિક્ષક" વર્ગ-૩ સંવર્ગની વિવિધ કેટેગરીવાઇઝ કુલ- ૧૭ (સત્તર) જગાઓ સીધી ભરતીથી ભરવા મૂળ જાહેરાત ક્રમાંક : ૧૪૩/૨૦૧૭૧૮, તા. ૧૭/૧૦/૨૦૧૭ ના રોજ પ્રસિધ્ધ કરવામાં આવેલ હતી, અને તે અન્વયે સ્પર્ધાત્મક પરીક્ષા યોજીને મેરીટના ધોરણે પસંદગીયાદી- પ્રતિક્ષા યાદી તૈયાર કરવા માટે ઉમેદવારો પાસેથી OJAS ની વેબસાઇટ ઉપર ઓન-લાઈન અરજીપત્રકો મંગાવવામાં આવેલ હતા.

૨. સરકારશ્રીના**;** (૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૨૩/૦૧/૨૦૧૯ના ઠરાવ નં. **EWS/ 122019/ 45903/ A ,** (૨) સામાન્ય વહીવટ વિભાગનો તા.૦૬-૦૨-૨૦૧૯નો પરિપત્ર ક્રમાંક : પરચ / ૧૦૨૦૧૯/ ૨૮૬૭૧/ ગ-૨ , (૩) સામાન્ય વહીવટ વિભાગનો તા.૦૭-૦૨-૨૦૧૯નો પરિપત્ર ક્રમાંક : પવસ / ૧૦૨૦૧૯/ ૨૨૧/ ગ-૪ તથા (૪) સામાન્ય વહીવટ વિભાગનો તા.૦૭-૦૨-૨૦૧૯નો ઠરાવ ક્રમાંક : પવસ / ૧૦૨૦૧૯/ ૨૨૩/ ગ-૪ થી આર્થિક રીતે નબળા વર્ગો (Economically Weaker Sections)ના નાગરીકો / વ્યક્તિઓ માટે સેવા / જગ્યાઓ પર નિમણૂંકોમાં ૧૦ % જગાઓ અનામત સંબંધેની જોગવાઇઓ - સૂચનાઓ પરિપત્રિત કરવામાં આવેલ છે.

૩. ઉપરોકત પેરા-૨ ની વિગતે સરકારશ્રીની પ્રવર્તમાન સૂચનાઓ અનુસાર ; ઉકત પેરા-૧ની વિગતેની મૂળ જાહેરાત ક્રમાંક : ૧૪૩/૨૦૧૭૧૮ રીઓપન કરીને ઉમેદવારો પાસેથી NIC ની OJAS વેબસાઇટ ઉપર ઓન-લાઈન અરજીપત્રકો મંગાવવામાં આવે છે.

૪. સબબ, મૂળ જાહેરાતમાં જે ઉમેદવારોએ જનરલ (સામાન્ય) કેટેગરીમાં અરજી કરી છે અને જે ઉમેદવારોને આર્થિક રીતે નબળા વર્ગના અનામતનો લાભ મળવા પાત્ર નથી તેવા ઉમેદવારોએ ફરીથી

અરજી કરવાની રહેશે નહી. મૂળ જાહેરાતમાં જે ઉમેદવારોએ જનરલ કેટેગરીમાં અરજી કરેલ છે, પરંતુ હવે તેઓ આર્થિક રીતે નબળા વર્ગના અનામતનો લાભ લેવા માંગે છે તેઓએ **EWS** કેટેગરી માટે ફરીથી અરજી કરવાની રહેશે. મૂળ જાહેરાતમાં અરજી કરેલ ના હોય તેવા તમામ કેટેગરીના ઉમેદવારો પણ અરજી કરી શકશે. આ ઉમેદવારોએ **https://ojas.gujarat.gov.in** વેબસાઈટ પર તા. ૦૧/૦૬/૨૦૧૯ (બપોરના ૧૪:૦૦ કલાક) થી તા. ૩૦/૦૬/૨૦૧૯ (સમય રાત્રીના ૨૩-૫૯ કલાક) દરમિયાન ઓનલાઈન અરજી કરવાની રહેશે.

૫. કચેરી અધિક્ષક / કાર્યાલય અધિક્ષક / અધિક્ષક વર્ગ-૩ સંવર્ગની ભરવાપાત્ર ખાલી જગાઓની ખાતાવાર/ કેટેગરીવાર વિગતો દર્શાવતું પત્રક નીચે મુજબ છે. :-

| ક્રમાંક | ખાતાના વડાની કચેરીનું નામ | કુલ જગા | બિન અનામત | | આર્થિક રીતે નબળા વર્ગો | | સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ. | | અનુસૂચિત જાતિ | | અનુસૂચિત જનજાતિ | | કુલ જગાઓ પૈકી | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | સામાન્ય | મહિલા | સામાન્ય | મહિલા | સામાન્ય | મહિલા | સામાન્ય | મહિલા | સામાન્ય | મહિલા | માજી સૈનિક | શા. ખો. ખા. |
| 1 | નિયામકશ્રી, રાજય અગ્નિ નિવારણ સેવા, ગાંધીનગર | 1 | 1 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 |
| 2 | કમિશ્નરશ્રી, કુટીર અને ગ્રામોધ્યોગ, ગાંધીનગર | 10 | 5 | 1 | 1 | 0 | 2 | 0 | 0 | 0 | 1 | 0 | 1 | 0 |
| 3 | ઉદ્યોગ કમિશ્નરશ્રીની કચેરી, ગાંધીનગર | 6 | 4 | 1 | 0 | 0 | 1 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 |
| 4 | કામદાર વિમા યોજના | 5 | 3 | 1 | 0 | 0 | 1 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 |
| 5 | ખોરાક અને ઔષધ નિયમન | 5 | 3 | 1 | 0 | 0 | 1 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 |
| 6 | ભાષા નિયામક | 1 | 1 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 |
| 7 | કમિશ્નરશ્રી, ભુસ્તર વિજ્ઞાન અને ખનીજની કચેરી | 5 | 3 | 1 | 0 | 0 | 1 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 |
| | કુલ | **33** | **20** | **5** | **1** | **0** | **6** | **0** | **0** | **0** | **1** | **0** | **1** | **0** |

**નોંધ** : જાહેરાતમાં દર્શાવેલ જગાઓની સંખ્યામાં વધઘટ થવાની શક્યતા રહેશે.

૬. આર્થિક રીતે નબળા વર્ગોની વય મર્યાદામાં છૂટછાટ :

(૧) આર્થિક રીતે નબળા વર્ગ (EWS) ની કેટેગરીના પુરુષ ઉમેદવારને પાંચ (૦૫) વર્ષની છુટછાટ અને મહિલા ઉમેદવારને EWS કેટેગરી તરીકેના પાંચ (૦૫) વર્ષ અને મહિલા તરીકેના પાંચ વર્ષ મળી કુલ – ૧૦ (દસ) વર્ષની વય મર્યાદામાં છૂટછાટ મળવાપાત્ર થશે. આર્થિક રીતે નબળા વર્ગ(EWS) ના ઉમેદવારોએ રાજય સરકારની નોકરી માટે આર્થિક રીતે નબળા વર્ગો

(EWS) માટે પાત્રતા પ્રમાણપત્ર તા. ૧૪/૦૧/૨૦૧૯ થી તા. ૩૦/૦૬/૨૦૧૯ સુધીમાં મેળવેલ હોય તેવું પ્રમાણપત્ર ધરાવતાં હશે તો જ ઉપલી વયમર્યાદામાં છૂટછાટ તેમજ EWS કેટેગરીની અનામત જગાનો લાભ મળશે. અન્યથા તેઓ સામાન્ય કેટેગરીના ઉમેદવાર તરીકે ઉમેદવારી નોંધાવી શકશે. અને તે કિસ્સામાં વયમર્યાદા, પરીક્ષા ફી માંથી મુક્તિ તેમજ અનામત જગા પર પસંદગીનો લાભ મળવાપાત્ર થશે નહી.

(૨) આર્થિક રીતે નબળા વર્ગ **(EWS)**ના ઉમેદવારોએ સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા. ૨૫/૦૧/૨૦૧૯ ના ઠરાવ ક્રમાંક :- ઈ.ડબલ્યુ.એસ./ ૧૨૨૦૧૯/૪૫૯૦૩/અ ની જોગવાઈ મુજબ થી નિયત થયેલ Annexure - KH (Eligibility Certificate For Economically Weaker Sections) અંગ્રેજી નમુનામાં અથવા પરિશિષ્ટ-ગ (આર્થિક રીતે નબળા વર્ગો માટે પાત્રતા પ્રમાણપત્ર) ગુજરાતી નમૂનામાં તારીખ : ૧૪/૦૧/૨૦૧૯ થી અરજી કરવાની છેલ્લી તારીખ : ૩૦/૦૬/૨૦૧૯ દરમિયાન મેળવેલ અસલ પ્રમાણપત્રનો નંબર અને તારીખ ઓનલાઈન અરજી કરતી વખતે દર્શાવવાનાં રહેશે.

સક્ષમ અધિકારી ધ્વારા અપાયેલ આવું પ્રમાણપત્ર રજુ ન કરી શકનાર ઉમેદવારો સામાન્ય ઉમેદવારો માટે નક્કી થયેલ વયમર્યાદામાં આવતા નહીં હોય તો તેઓની ઉમેદવારી રદ થશે.

૭. શૈક્ષણિક લાયકાત/વયમર્યાદા માટે નિર્ધારિત તારીખ :

સામાન્ય વહિવટ વિભાગના તા. ૦૬/૦૨/૨૦૧૯ ના પરીપત્ર ક્રમાંક: પરચ/૧૦૨૦૧૯/૨૮૬૭૧/ગ.૨ ની જોગવાઇ મુજબ; મૂળ જાહેરાત(જા.ક્ર. ૧૪૩/૨૦૧૭૧૮)માં અરજી કરેલ જનરલ કેટેગરીના જે ઉમેદવારો હવે આર્થિક રીતે નબળા વર્ગની કેટેગરીમા સમાવેશ થતો હોય તેવા ઉમેદવારોએ ફરીથી આર્થિક રીતે નબળા વર્ગની કેટેગરી અંતર્ગત અરજી કરવાની રહેશે. મૂળ જાહેરાત (જા.ક્ર. ૧૪૩/૨૦૧૭૧૮)માં જે ઉમેદવારોએ અરજી કરેલ છે અને જે ઉમેદવારોને આર્થિક રીતે નબળા વર્ગના અનામતનો લાભ મળવા પાત્ર નથી તેવા ઉમેદવારોએ ફરીથી અરજી કરવાની રહેશે નહી. મૂળ જાહેરાત (જા.ક્ર. ૧૪૩/૨૦૧૭૧૮)માં અરજી કરેલ ના હોય તેવા તમામ કેટેગરીના ઉમેદવારો પણ અરજી કરી શકશે. વયમર્યાદા - ઉમર માટે મૂળ જાહેરાત(જા.ક્ર. ૧૪૩/૨૦૧૭૧૮)માં દર્શાવ્યા મુજબ અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ. ૧૮/૧૧/૨૦૧૭ ગણતરીમા લેવાની રહેશે. જયારે શૈક્ષણિક લાયકાત, નોન-ક્રીમીલેયર સર્ટી તથા **EWS** પાત્રતા પ્રમાણપત્ર અને અન્ય જરુરી લાયકાત માટે તા. ૩૦/૦૬/૨૦૧૯ ની સ્થિતિને ધ્યાનમાં લેવામાં આવશે.

૮. સામાજિક શૈક્ષણીક પછાત વર્ગના ઉમેદવારો માટે:-

(૧) કચેરી અધિક્ષક / કાર્યાલય અધિક્ષક / અધિક્ષક વર્ગ-૩ સંવર્ગની જગાઓમાં **S.E.B.C.**કેટેગરી (સા.શૈ.પ.વર્ગ)ના ઉમેદવારો માટે જગાઓ અનામત છે તેવા **S.E.B.C.** કેટેગરી (સા.શૈ.પ.વર્ગ)ના

ઉમેદવારોએ રાજય સરકારની નોકરી માટે કઢાવેલ નોન-ક્રીમીલેયર સર્ટિફીકેટ તા.૦૧/૦૪/૨૦૧૬ થી તા.૩૦/૦૬/૨૦૧૯ દરમિયાન મેળવેલ હોય તેવું પ્રમાણપત્ર ધરાવતાં હશે તો જ ઉપલી વયમર્યાદામાં છૂટછાટ તેમજ કેટેગરીની અનામત જગાનો લાભ મળશે. અન્યથા તેઓ સામાન્ય કેટેગરીના ઉમેદવાર તરીકે ઉમેદવારી નોંધાવી શકશે. અને તે કિસ્સામાં વયમર્યાદા, પરીક્ષા ફી માંથી મુક્તિ તેમજ અનામત જગા પર પસંદગીનો લાભ મળવાપાત્ર થશે નહી.

(૨) સા. અને શૈ. પ.વર્ગના ઉમેદવારોએ ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા. ૨૭/૦૪/૨૦૧૦ ના ઠરાવ ક્રમાંક- સસપ/૧૧૦૯/૧૬૬૩/અ ની જોગવાઈ મુજબ થી નિયત થયેલ નમુના પરિશિષ્ટ-૪ તથા તા. ૨૬/૦૪/૨૦૧૬ ના ઠરાવ ક્રમાંક: સશપ/ ૧૨૨૦૧૫/ ૪૫૫૨૪૬/ અ તેમજ તા. ૧૮/૦૮/૨૦૧૭ ના ઠરાવ ક્રમાંક: સશપ/ ૧૨૨૦૧૭/ ૧૨૪૩૮૨/ અ ની જોગવાઈ મુજબ, તા. ૦૧/૦૪/૨૦૧૬ થી અરજી કરવાની છેલ્લી તા. ૩૦/૦૬/૨૦૧૯ દરમિયાન મેળવેલ અસલ પ્રમાણપત્રનો નંબર અને તારીખ ઓનલાઈન અરજી કરતી વખતે દર્શાવવાનાં રહેશે.

## ૯. પરીક્ષા ફી :-

- ફોર્મ ભરતી વખતે ‘‘General’’ કેટેગરી Select કરી હોય (દર્શાવી હોય) તેવા (PH તથા Ex.Serviceman કેટેગરી સિવાયના) તમામ ઉમેદવારોએ પરીક્ષા ફી ભરવાની રહેશે.
- અરજી ફોર્મમાં નીચે મુજબની કેટેગરી Select કરનાર ઉમેદવારોએ કોઇપણ પ્રકારની પરીક્ષા ફી ભરવાની રહેશે નહીં.
  - (ક) અનુસૂચિત જાતિ (SC)
  - (ખ) અનુસૂચિત જન જાતિ (ST)
  - (ગ) સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ (SEBC)
  - (ઘ) આર્થિક રીતે નબળા વર્ગો **(Economically Weaker Sections)**
  - (ચ) માજી સૈનિક (Ex.Serviceman) તમામ કેટેગરીના ઉમેદવાર.
  - (છ) શારિરીક ખોડખાંપણ ધરાવતા ઉમેદવારો (PH) તમામ કેટેગરીનાં ઉમેદવાર.
- જે ઉમેદવારોએ ફી ભરવાની છે તેવા ઉમેદવારો જયારે OJAS વેબસાઇટ પર પોતાની અરજી સબમીટ કરે ત્યારે તેઓને પરીક્ષા ફી ભરવા માટે ઓન લાઇન ઉપલબ્ધ ચલણની ૩ નકલોની એક પાના ઉપર પ્રિન્ટ મેળવવાની સુચના મળશે. ઉમેદવારોએ આ પાનાની પણ પ્રિન્ટ મેળવી લેવાની રહેશે, ઉમેદવારોએ ચલણ સાથે કોઇપણ કોમ્પ્યુટરાઇઝડ પોસ્ટ ઓફીસમાં જઇને, પરીક્ષા ફી પેટે રૂ. ૧૦૦/- રોકડા + રૂ.૧૨/- પોસ્ટલ ચાર્જીસ ભરી દેવાના રહેશે. ચલણની એક નકલ પોસ્ટ ઓફીસ રાખી લેશે અને બે નકલ ઉમેદવારને પોસ્ટ ઓફિસનો સિક્કો અને સ્ટીકર લગાવીને પરત આપશે.
- પોસ્ટ ઓફીસમાં પરીક્ષા ફી ભરવાની છેલ્લી તા.૦૬/૦૭/૨૦૧૯ (પોસ્ટ ઓફીસના કચેરી સમય સુધી) ની રહેશે.
- અન્ય કોઇ રીતે પરીક્ષા ફી સ્વીકારવામાં આવશે નહીં.

➢ પરીક્ષા ફી ભર્યા બાદ રીફંડ મળવાપાત્ર નથી તેમજ તે ફી અન્ય કોઇ પરીક્ષા માટે અનામત તરીકે રાખવામાં આવશે નહીં. પરીક્ષા ફી ભરવાપાત્ર ઉમેદવારોની ફી ભર્યા વગરની અરજી માન્ય રહેશે નહીં.
➢ "General" કેટેગરી Select કરનાર (શારીરિક ખોડખાંપણ તથા માજી સૈનિક કેટેગરી સિવાયના) ઉમેદવારો ફી ભરવાની નિયત સમયમર્યાદામાં પરીક્ષા ફી નહીં ભરે તો તેવા ઉમેદવારોનું અરજી ફોર્મ કોઇપણ જાતની જાણ કર્યા વગર મંડળ દ્વારા "**રદ**" કરવામાં આવશે.

૧૦. જાહેરાત ક્રમાંક: ૧૪૩/૨૦૧૭૧૮ ની ઉપરના સુધારા સિવાયની અન્ય તમામ બાબતો યથાવત રહે છે.

તારીખ: ૦૧/૦૬/૨૦૧૯
સ્થળ:- ગાંધીનગર

સચિવ
ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ,
ગાંધીનગર